# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com


---

**અખબારી યાદી** **તા. ૧૭-૧૧-૨૦૨૨**

- **ગુજરાતના ભાજપ શાસનમાં ક્રિમિનલ, કમિશન અને કરપ્શનની બોલબાલા છે – દિગ્વિજયસિંહ**

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રીશ્રી દિગ્વિજયસિંહજીએ આજે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા આયોજિત પ્રેસવાર્તા દરમ્યાન અમદાવાદ રાજીવ ભવન ખાતે પત્રકારો સમક્ષ ગુજરાતના મુદ્દાઓને લઈ જણાવ્યું હતું કે, ગુજરાત સદીઓથી વ્યવસાયનું પ્રમુખ કેન્દ્ર રહ્યું. ગુજરાતને 1400 કિ.મિ.નો દરિયા કિનારો છે. દેશના આયત-નિકાસનો કારોબાર ગુજરાતના બંદરો દ્વારા થતો રહ્યો. ગુજરાતના લોકો સમગ્ર દેશમાં સહિષ્ણુ-વ્યવસાયીક ઈમાનદારી અને ઉદ્યોગસાહસિકના રૂપમાં જાણીતા રહ્યા છે. ગુજરાતમાં વ્યક્તિ દીઠ આવક અન્ય રાજ્યો કરતા શ્રેષ્ઠ બની રહી. 1960માં ગુજરાતની સ્થાપનાથી લઈ સાઈઠ અને સિત્તેરના દશકમાં ઔદ્યોગિક વિકાસનો પાયો નખાયો. અંકલેશ્વર, વાપી, અમદાવાદ અને રાજકોટ તેના મુખ્ય કેન્દ્ર રહ્યા. રાજકોટ તો ઓટોમોબાઈલ પાર્ટ માટે વૈશ્વિક કારોબારનું કેન્દ્ર બની રહ્યું હતું. પરંતુ વાર્તા એવી ઘડી કાઢવામાં આવી કે ગુજરાતનો વિકાસ મોદીજી એ કરાવ્યો છે. આ વિધાન મોદીજીના પોતાના મોઢેથી બોલાયેલા છે. અહંકારનું આનાથી વધારે પ્રમાણ શું હોઈ શકે! તમે જાણાવી દઉં કે નોટબંધીમાં સૌથી મોટું નુકસાન નાના કારોબારીઓને થયું, મધ્યમકક્ષાના ઉદ્યોગકારોને થયું. નોટબંધી માટે ચાર વાયદા કરેલા. કાળુંધન પરત લાવીશું, ભ્રષ્ટાચાર બંધ કરીશું, આંતકવાદ નાબૂદ થશે અને નકલી નોટોનું ચલણ બંધ થશે. પણ તમે જોશો કે દેશમાં નકલી નોટો સૌથી વધુ વધારે ગુજરાતમાંથી પકડાય છે. નોટબંધીના સમયમાં તમે કદાચ સાંભળ્યું હશે કે કેમ તે મને ખબર નથી પરંતુ અમીત શાહજીના માણસો એક કરોડની જૂની નોટોને બદલે રૂપિયા બત્રીશ હજાર પાંચસોનું કમિશન લઈ સડસઠ હજાર પાંચસો રૂપિયા આપવાની ગોઠવણ થતી હતી. આનો જવાબ લેખિતમાં માંગવામાં આવ્યો હતો જે આવ્યો નથી. જીએસટીનો વિરોધ કરતા રહ્યા મોદીજી. આવું કરમાળખું એવા દેશોમાં સફળ થયું છે કે જ્યાં સિંગલ અથવા ટુ-સ્લેબ કર માળખું હોય. જે દેશમાં મલ્ટિ-સ્લેબ ટેક્સ ટ્રક્ચર્સ છે ત્યાં જીએસટી સફળ નથી થયું. જ્યારે અહીં પાંચ સ્લેબ છે અને સાથમાં સેસ અલગ છે, વેપારીઓને દર ત્રણ મહિને રિટર્ન સબમિટ કરવા પડે છે. નાનો વેપારી તો ત્રસ્ત છે. જે પ્રકારની તૈયારી થવી જોઈતી હતી તે નથી થઈ. અને જે જીએસટીનો મોદીજી વિરોધ કરતા હતા તેને તેઓએ ઈવેન્ટ બનાવી દીધી. અડવાણીજી સાચું જ કહેતા હતા કે મોદી જેવા શ્રેષ્ઠ ઈવેન્ટ મેનેજર કોઈ હોઈ જ ન શકે! દરેક વસ્તુઓમાં ઈવેન્ટ છે. અને તેમાં જેવી રીતે સેન્ટ્રલ હોલ પાર્લામેન્ટમાં 14-15 ઓગસ્ટ 1947ની રાત્રીએ આપણે સૌએ પંડિત જવાહરલાલ નહેરૂજીનું વિખ્યાત પ્રવચન – આઝાદીનું જે દિવસ દેશ આઝાદ થયો હતો. મોદીજીએ ન્યૂ ટેક્સ રિજનનું ઉદાહરણ આપી તેમણે ત્યાં ઈવેન્ટ રાખી.

.કોવિડનું સંચાલન સમગ્ર દેશમાં એટલું નબળું રહ્યું હતું. ગુજરાતમાં પણ જ્યાં સુધી મારી જાણકારી છે કે કોઈ તૈયારી હતી નહી. 13 ફેબ્રુઆરી 2020 માં રાહુલ ગાંધીજીએ કહી દીધું હતું કે સુનામી આવવાની છે, તૈયારી કરી લો. પાર્લામેન્ટના માર્ચના બીજા સપ્તાહમાં મોદીજીના સ્વાસ્થ્ય મંત્રીજીએ કહ્યું કે અમારી પુરી તૈયારી છે. પીપીઈની નિકાસ થતી રહી. ઓક્સિજનની નિકાસ થતી રહી. રેમમેડીવેર ઈન્જેક્શનોની નિકાસ થતી રહી. એટલે સુધી કે જે તૈયાર વેક્સિન હતી તેનો

ઓર્ડર દેવામાં પણ વિલંબ થયો. આ તમામ સત્ય છે. અને લાખો લોકોની મોત થયા. સવારે નોટિફિકેશન બહાર પડ્યું, તે જ દિવસે સાંજે નોટિફિકેશન પરત લેવામાં આવ્યું.

ગુડ ગવર્ન્સની હાલત ગુજરાતમાં સારી નથી. પાર્લામેન્ટ દ્વારા બનેલા કાનૂનોના પાલન કરવા રાજનેતાની જવાબદારી બને છે. કાનૂન બનાવવા અને તેના પાલન કરવાનો અધિકાર પણ આપેલો છે. કોઇ સરકારના નિર્ણયની ફાઇલ પર નોંધ કરી શકે છે. ગુડ ગવર્ન્સસની આ ઓળખ છે. પણ ગુજરાતમાં મોદીના નિયમ વિરૂદ્ધ જનારની નોકરી પણ ખતરામાં આવી જાય છે.

મોરબી દુર્ઘટના બની ત્યારે હું કોંગ્રેસની પરિવર્તન યાત્રા માટે ભૂજમાં હતો. સવારે હું મોરબી પહોંચ્યો. ત્યાંના સ્થાનિક લોકોએ મને બતાવ્યું કે આ દુર્ઘટના સાંજે 6.30 વાગે બની. પુલ પ્રવાસીઓની 25 સંખ્યાનીની કેપેસિટીની સામે વધારે મુલાકાતીઓને મંજૂરી આપી. તે દિવસ રવિવારનો હતો પ્રશાસનને ખબર હોવી જોઇએ. વ્યવસ્થામાં કોઇ પોલીસ પણ હાજર ન હતી. નજીકમાં જ ભાજપની જાહેરસભાનું આયોજન કરાયું હતું. આ દુર્ઘટનામાં ગુજરાતના સાંસદના પરિવારજનો પણ ભોગ બન્યા. અમારી પૂરી સહાનુભૂતિ તેમની સાથે છે

મોરબી દુર્ઘટનાનું હાઇકોર્ટના મા. ચીફ્ જસ્ટિસ અરવિંદ કુમાર અને મા. ચીફ્ જસ્ટિસ આસુતોષ જે. શાસ્ત્રી દ્વારા ઓબ્જરવેશન્સ કરાયું જેમાં ગંભીર બાબતો બહાર આવી.

વર્ષ 2008માં મોરબી પુલ માટે કલેક્ટર અને ઓરેવા ગ્રૂપ સાથે ઓરોના કરાર કરાયા. વર્ષ 2017માં પુલ બંધ થયો. ટિકિટો વેચાતી જ રહી. ત્યારબાદ કોઇ ટેન્ડર પ્રોસિજર કર્યા વગર 2020માં અજન્ટા ગ્રૂપને રિપેરિંગ અને મેન્ટેનન્સનો કોન્ટ્રાક્ટ આપી દેવામાં આવ્યો. જેમાં બે કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો. દુર્ઘટનાના પાંચ દિવસ પહેલા કંપનીના માલિકે પુલનું ઉદ્ઘાટન કર્યું. તો શું જિલ્લા એસ.પી. તે સમયે શું કરી રહ્યા હતા. ત્યાંની મ્યુ. કોર્પો.ના સત્તાવાળા શું કરી રહ્યા હતા. નિયમનો ભંગ થયો. 192 લોકોના મોત થયા. કોઇપણ મૃતકનું પોસ્ટમોર્ટમ નથી કરાયું. એટલે સુધી કે પ્રેસ-મીડિયાવાળા આવે તે પહેલા તેનો નિકાલ કરવાની ઉતાવળ હતી. આ પ્રશાસનની ક્રિમિનલ લાયબિલીટિ બની રહે છે. ટિકિટ વિતરણ કરનાર પર કામ ચલાવ્યું. એફઆઇઆરમાં કોઇ કંપનીના માલિકનું નામ ક્યાંય નથી. આ ઘટના ગુજરાત સિવાય અન્ય કોઇ રાજ્યમાં બની હોત તો હાહાકાર મચાવી દીધો હોત. કંપનીના માલિક મોદીજીના નજીકના છે. બંગાળમાં આવી જ એ પુલ દુર્ઘટનાને 'એક્ટ ઓફ્ ગોડ'ને 'એક્ટ ઓફ્ ફ્રોડ' જાહેર કરી બંગાળ પ્રશાસન પર આંગળી ચિંધી હતી. આ મોરબી દુર્ઘટના માટે મોદીજી જ જવાબદાર છે. સુપ્રીમ કોર્ટના આદેશ પછી પણ કોરોના મૃતકોને સહાય નથી ચુકવાઇ.

મોરબી દુર્ઘટના માટે રાજ્ય સરકારે સીટની રચના કર્યાની જાહેરાત કરી. પરંતુ સીટનું નોટિફિકેશન ક્યાંય જાહેર થયું નથી. મોદીજીના ગુજરાતના ગુડ ગવર્ન્સનું ગુજરાત મોડેલનું એડમિનિસ્ટ્રેશન ફેલિયોર મોરબીની દુર્ઘટનાથી સાબિત થયું છે. સદંતર પ્રશાસનિક નિષ્ફળતા એ મોરબીની ઉદાહરણ છે.

આ દુર્ઘટના બતાવે છે કે મોદીજીના ગુજરાત મોડેલમાં ક્રિમિનલ, કમિશન અને કરપ્શનની બોલબાલા છે. અપરાધી લોકોને રીલિફ્ આપવામાં આવે છે. ગોધરાકાંડના દોષિતોને મુક્ત કરી તેમના પરિવારજનોને ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. મોદીજીએ કહ્યું હતું કે તેઓ સખતાઇથી કામ કરશે.

સિમ્બોલ ઓફ્ ઓનેસ્ટીના નારા સાથે અન્ના સાહેબ હજારે સાથે કેજરીવાલ આગળ આવ્યા. કેજરીવાલ કહેતા કે મારા આવ્યા પછી તમામ ભ્રષ્ટાચાર સમાપ્ત થઇ જશે. આજે તેમના જ મંત્રીઓ ભ્રષ્ટાચારના આરોપમાં જેલમાં બંધ છે. વર્ષ 2012 દારૂના કારોબારના આરોપ અરવિંદ કેજરીવાલ 'કોંગ્રેસ મુક્ત ભારત' માટે આરએસએસ જેવી ભૂમિકા કરી રહ્યા છે. ભાજપ બી-ટીમ પ્રમાણે કામ કરે છે. ઓવૈસીની પાર્ટીને ધરણા કરવાની મંજૂરી મળે છે. જ્યારે કોંગ્રેસને વિરોધ પ્રદર્શન સામે લાઠીચાર્જ થાય છે. આ એવા લોકો છે જે મૂળ લોકો બીજેપીની બી ટીમ છે. મોદીજી અને અમિતજી એક વખતાના સાથી મિ. વણજારા પાર્ટી બનાવી ચૂંટણી લડી રહ્યા છે. તેમણે હમણાં જ કહ્યું કે ગુજરાતમાં 27 વર્ષમાં કશું જ નથી થયું.

ગુજરાતમાં સ્કુલોની સ્થિત સારી નથી. સરકારી સ્કુલ બંધ થઈ રહી છે. જેને ગુજરાત મોડેલ કહી તેના પાયા પર ગુજરાતે પ્રાધાન્ય આપ્યું તે સદંતર નિષ્ફળ રહ્યું.

કુપોષણમાં ગુજરાત સૌથી નબળું રાજ્ય બની રહ્યું છે. નિયત ક્રમાંકમાં તે 90માં ક્રમે આવે છે. ગુજરાતમાં ગરીબ વધારે ગરીબ અને અમીર વધારે અમીર બનતો જાય છે. તેમની નીતિઓથી ગણતરીના  લોકોની સંપત્તિ વધી રહી છે.

કોંગ્રેસની ભારત જોડો યાત્રાનું પરિણામ જોવા મળ્યું. આરએસએસના વડા મોહન ભાગવતે એક મહિનામાં જ મદરેસાની મુલાકાત લીધી.

પ્રધાનમંત્રી આવાસ યોજના પણ શહેરી અને ગ્રામિણ ક્ષેત્રો માટે ભેદ રખાયો છે. શહેરી આવાસ માટે સબસિડી રૂપિયા 2.50 લાખ રાખવામાં આવી, જ્યારે ગ્રામિણ ક્ષેત્રો માટે આવાસ યોજના માટે રૂપિયા 1.50ની સબસિડી જાહેર કરવામાં આવી. આવાસ યોજનામાં સિમેન્ટ-રેતી- અન્ય સામાનના ભાવો તો શહેરી અને ગ્રામિણ માટે સરખા જ રહેવાના. ગ્રામિણ વિસ્તારોમાં તો તેના પણ વધારાનો ટ્રાન્સપોર્ટેશન ખર્ચ વધવાનો. તો આ સબસિડીનો તફાવત વાજબી નથી.

પેસા કાનૂનને અમલીકરણની વાતો થઈ રહી છે. સત્તાવીસ વર્ષથી ભાજપની સરકાર ગુજરાતમાં છે. પેસા કાયદા વિશે કેમ ધ્યાન ન ગયું. નિયમો  પણ બદલી નાંખવામાં આવે છે. ગ્રામસભાની મંજૂરી લેવાનો કોઈ નિયમ લાગૂ નથી કરાયો. તેમની સહમતિ સિવાય કોઇ જ ફેરફાર ન થયા તેવો કાયદો હતો તે બદલી નાંખ્યો. લેન્ડ એક્વિઝેશન એક્ટ સમાપ્ત કરવા સામે કોંગ્રેસે લડત આપી.

ગુજરાતમાં પેપર લિકનો ધંધો બની ગયો છે. બીજેપીના નેતાઓ જ તેમાં સંડોવાયેલા છે. ભરતી થાય છે ત્યારે ભારતીય જનતા પાર્ટીના દલાલ લોકો જ પેપર ફોડી નાંખે છે. આ અહીં જ નથી થતું, મધ્યપ્રદેશમાં પણ આવા જ પેપર લિક થાય છે. ભાજપના રાજમાં પેપર ફોડવાનો બિઝનેસ બની ગયો છે.

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજીત પત્રકાર પરિષદમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રવક્તાશ્રી આલોક શર્મા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કો-કન્વીનર અને પ્રવક્તાશ્રી હેમાંગ રાવલ, સોશીયલ વિભાગના ગુજરાતના પ્રભારીશ્રી પ્રણવભાઈ તથા આભાશ ભટનાગર ઉપસ્થિત રહ્યાં હતાં.


હેમાંગ રાવલ
કો-કન્વિનર - પ્રવક્તા
મો. 9898233038